| | |
|---|---|
| અરજી સ્વીકાર્યા તારીખ | ૦૨/૧૨/૨૦૨૪ |
| અરજી નોંધ્યા તારીખ | ૦૨/૧૨/૨૦૨૪ |
| અરજી નિકાલ કર્યા તારીખ | ૨૬/૦૯/૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ– માસ– દિન<br>૦૦ – ૦૯ – ૨૪ |

**નામદાર મજુર અદાલત નં.ર જામનગરના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી સમક્ષ, જામનગર.**

**રેફરન્સ (ટી) નં.૯ર/૨૦૨૪**

**આંક – ૬**

અરજદાર : અમેઠીયા હેતલ જી.
રે. ''યશ'', ૫૧/૧૮ ઓશવાળ–૪,
શેરી નં.૧, જામનગર.

**<u>વિરુધ્ધ</u>**

સામાવાળા : (૧) જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી,
જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી,
જુની આર.ટી.ઓ. ઓફિસ, સર્કિટ હાઉસ પાછળ,
લાલ બંગ્લો, જામનગર.

(૨) સર્વોદય મહિલા ઉદ્યોગ મંડળ,
૧/એ દિગ્વિજય પ્લોટ, ખંભાળીયા ગેટ, જામનગર.

**વિષય:** **ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ–૧૦(૧) અન્વયે ન્યાય નિર્ણય બાબત.**

| | | |
|---|---|---|
| અરજદાર તર્ફે | : | કોઈ નહીં |
| સામાવાળાઓ તરફે | : | કોઈ નહીં |

## –:: એ વો ર્ડ ::–

(૧) હાલનાં રેફરન્સનાં કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''સામાવાળા'' અને ''અરજદાર''તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામનાં અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છૂટા કરી દેતા મદદનીશ શ્રમ આયુકતશ્રી, દેવભુમિ ધ્વારકા સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહિ થતાં સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુકત, દેવભુમિ ધ્વારકાનાં હુકમ ક્રમાંક :AKHLC/RAJ/65/2024/RT તા.૨૪/૦૯/૨૦૨૪ થી અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ. જેની અનુસૂચિ નીચે મુજબ છે.

### –: અનુસૂચી :–

**'' અમેઠીયા હેતલ જી.ને તા.૧૫/૦૬/૨૦૨૩ થી કોઈપણ જાતના વાંક ગુન્હા કે કસુર વગર નોકરીમાંથી છુટા કરેલ છે. આથી પડેલા રોજ ભરપાઈ કરી સળંગ નોકરીથી કામે લઈ લેવા જોઈએ કે કેમ?''**

(૩) આ કામમાં અરજદારને આંક–૩ થી નોટીસ કરતાં તે નોટીસ ધોરણસર બજી ગયેલ છે. આ નોટીસ બજી ગયેલાની પોસ્ટની એકનોલેઝમેન્ટ રેકર્ડ પર આવેલ છે. ત્યારબાદ અરજદારને તેના મોબાઈલ નં.૮૪૬૯૯૮૪૪૮૮ પર તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ માંગણા નિવેદન રજુ કરવા નોટીસ કરેલ તેમ છતાં અરજદારે હાજર થઈને તેમનુ માંગણાનુ નિવેદન રજુ કરેલ નથી. વધુમાં આજરોજ અરજદારને તેમના મોબાઈલ નં.૮૪૬૯૯૮૪૪૮૮ પર ફોન કરતા તેમને જણાવેલ કે ''મારે આ રેફરન્સ કેસ આગળ ચલાવવો નથી આ કેસ કલોઝ કરી દો'' આવુ જણાવેલ. આમ ઉપરોકત હકીકતો લક્ષમાં લેતા અરજદારને ધોરણસરની નોટીસ બજી

જવા છતાં પુરતી તકો આપવા છતાં માંગણાનુ નિવેદન રજુ કરેલ નથી. આમ અરજદારના માંગણાના નિવેદનના અભાવે હાલનો રેફરન્સ ટકવા પાત્ર નથી. અરજદારે તેમનુ માંગણાનુ નિવેદન રજુ કરી તેમના કેસની હકીકત પુરવાર કરવી જોઈએ પરંતુ તેઓએ આવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. મદદનીશ મજુર કમીશ્નરશ્રી રુબરુના કન્સીલીએશનના કાગળો વંચાણે લેતા અરજદારના કેસને મદદરુપ કોઈ હકીકત બહાર આવેલ ન હતી. આમ, અરજદાર તેમના માંગણાના નિવેદન રજુ કરવામાં નિષ્ફળ નિવડેલ હોય જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

## –: આ ખ રી હુ ક મ :–

૧. અરજદારનો રેફરન્સ (ટી) કેસ નં.૯૨/૨૦૨૪ અરજદારની ગેરહાજરી સબબ રદ કરવામાં આવે છે.

૨. ખર્ચ બાબતે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૩. એવોર્ડ પ્રસિધ્ધ થયેથી મજુર અદાલત(પધ્ધતિ અને કાર્યરીતિ)નિયમો ૧૯૪૭ ના પ્રકરણ–૮ ના નિયમ–૩૨ ની જોગવાઈ મુજબ સંબંધિત પક્ષકારોને હાલના એવોર્ડની નકલ આપવા નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તા.૨૬/૦૯/૨૦૨૫.
જામનગર.

**(દીલીપ વ્રજલાલ સાવલીયા)**
પ્રિસાઈડીંગ ઓફીસર,
મજુર અદાલત કોર્ટ નં.૨,જામનગર.
**જીજે–૦૧૨૯૮**